# India-Oman Strategic Consultative Group (IOSCG) Meeting

January 14, 2021

## ભારત-ઓમાન વ્યૂહાત્મક પરામર્શક જૂથ (IOSCG) ની બેઠક

જાન્યુઆરી 14, 2021

ભારત-ઓમાન વ્યૂહાત્મક પરામર્શક જૂથ (IOSCG) ની બેઠક આજે નવી દિલ્હીમાં ભૌતિક સ્વરૂપમાં યોજાઇ હતી. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સચિવ (CPV & OIA) શ્રી સંજય ભટ્ટાચાર્ય દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ઓમાની પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં રાજદ્વારી બાબતો માટેનાં અંડરસેક્રેટરી મહામહિમ શેખ ખલિફા બિન અલિ અલ-હાર્થીએ કરી હતી. આ કોવિડ-19 શરૂ થયા પછી ઓમાનથી ભારતમાં પ્રથમ ઉચ્ચ-સ્તરની અધિકૃત મુલાકાત હતી.

બન્ને પક્ષોએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે કોવિડ-19 મહામારી હોવા છતા બન્ને પક્ષોએ નિકટનાં સંપર્કમાં રહ્યા હતા અને તેઓનાં વ્યૂહાત્મક સંબંધનાં આગળનાં મજબૂતિકરણમાં વેગ જાળવી રાખ્યો હતો. સચિવ (CPV&OIA) એ મહામારી દરમિયાન ઓમાનમાં વસતા વિશાળ ભારતીય સમુદાયની અદ્‌ભૂત સંભાળ લેવા બદલ ઓમાની પક્ષનો આભાર માન્યો હતો. બન્ને પક્ષોએ એ બાબત પણ સંતોષ વ્યક્ત કર્યો હતો કે બન્ને દેશો વચ્ચે એર બબલ ગોઠવણી સારી રીતે કાર્યરત છે. ઓમાની પક્ષે પ્રશંસા વ્યક્ત કરી હતી કે મહામારી દરમિયાન ભારત દ્વારા ઓમાનને અન્ન અને તબીબી પૂરવઠાઓની સુવિધા પ્રદાન કરવામાં આવી હતી. ભારતે કોવિડ-19 રસીઓ માટેની ઓમાનની આવશ્યકતાઓમાં ઓમાનને સહાયતા કરવાની ખાતરી આપી હતી.

IOSCG દરમિયાન, બન્ને પક્ષોએ રાજકીય, ઊર્જા, વ્યાપાર, રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, અવકાશ, ખાણકામ, S&T, સંસ્કૃતિ ને રાજદ્વારી ક્ષેત્રો સહિત ભારત-ઓમાનનાં સંબંધનાં સમગ્ર પટલની સમીક્ષા કરી હતી. એ બાબત પર સંમતિ થઇ હતી કે બન્ને પક્ષો ભવિષ્ય-લક્ષી સંબંધ માટે આ ક્ષેત્રોમાં વિવિધ સમજૂતિઓ અને એમઓયુઓ કરશે. તેઓ કોવિડ-19 બાદ એકવાર સામાન્યતા પરત ફરે એટલે વ્યાપાર અને રોકાણનાં જોડાણો ફરીથી પ્રાપ્ત કરતો વેગ મળે તેવી આગળ જતા અપેક્ષા રાખે છે. તેઓએ આરોગ્ય અને અન્ન સુરક્ષાનાં ક્ષેત્રોમાં વધારે પ્રમાણમાં સહકાર આગળ વધારવાની પણ ચર્ચા કરી હતી. બન્ને પક્ષોએ તાજેતરનાં પ્રાંતિય વિકાસો તથા પારસ્પરિક હિતનાં વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે પણ કરી હતી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ આજે ઓમાની અન્ડરસેક્રેટરીને રીસીવ કર્યા હતા. વિદેશ મંત્રીએ મહામહિમ સુલતાન હૈથમ બિન તારિકનાં શાસનની પ્રથમ વર્ષગાંઠ પર ઓમાની પક્ષને અભિનંદન પાઠવ્યા હતા. તેણે વડાપ્રધાન તરફથી મહામહિમને ભારતની મુલાકાત લેવાનાં આમંત્રણનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. તે વિવિધ ક્ષેત્રોમાં ભારત-ઓમાન વ્યૂહાત્મક ભાગીદારીને વધારે મજબૂત  કરવાનું ચાલું રાખવા આગળ મીટ માંડી રહ્યા છે.

શેખ ખલિફા આવતીકાલે સુષ્મા સ્વરાજ ઈન્સ્ટિટ્યુટ ફૉર ફોરેન સર્વિસની મુલાકાત લેશે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 14, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.